**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૩૧/૧/૨૦૧૫ શનિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૦૯/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૩૧ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫,૧૮૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૧૦/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>અપહરણ :-</u> <u>સમાચાર યાદી નં.૨૧૧/૧૫</u>**

**રામોલ** : અમલીબહેન સીકાભાઇ મકવાણા (રહે.દેવ રો-હાઉસ, સાંઇબાબાનાં મંદિર પાસે, વસ્ત્રાલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાની પુત્રી સોનલ (ઉ.વ.૧૫) ને તા.૩૦/૧/૧૫ બપોરનાં ૧૨/૪૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘર નજીકથી આરોપી બાબુભાઇ ઉર્ફે સુરજ સાલમભાઇ મછાર (રહે.ગામઃ જલાઇ, તા.ખાનપુર, જી.મહિસાગર) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.પી.વસુનીયા ચલાવે છે.

**<u>સોનાની ચેઇન તોડી લઇ ગયો :-</u> <u>સમાચાર યાદી નં.૨૧૨/૧૫</u>**

**ચાંદખેડા** : શશીબહેન સતીષભાઇ ભારદ્વાજ (રહે.કૃષ્ણ કોલોની, ગમાપુર, તા.જી.જબલપુર મધ્યપ્રદેશ) તા.૩૦/૧/૧૫ સાંજનાં ૬/૦૦ વાગ્યાના સુમારે ચાંદખેડા, ચંદ્રમૌલી બંગ્લોઝ આગળથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન મોટર સાયકલ ઉપર આવેલ પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાનો) શશીબહેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ શશીબહેન ભારદ્વાજે ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એમ.દવે ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૨૧૩/૧૫**

**નરોડા :** કિશોરભાઇ પ્રવિણચંદ્ર ભટ્ટ (રહે.દુર્ગા ચોક, ગુ.હા.બોર્ડ, ચાંદખેડા) એ તા.૩૦/૧/૧૫ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૧/૧૫ નાં કલાક ૧૦/૦૦ વાગ્યાથી આજદીન સુધી નરોડા જી.આઇ.ડી.સી. ફેઝ-૨, કેનલ ઇન્ડસ્ટ્રીઝ પ્રા.લી.માં વૉચમેન તરીકે નોકરી કરતો આરોપી અરવિંદ કાળુસિંહ ઝાલા કંપનીમાંથી તેલનાં ડબ્બા નંગ- ૧૪૫ કુલ કિંમત રૂપિયા ૪૧,૭૦૦/- મતાનાં ચોરી કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.જાડેજા ચલાવે છે.

**માધવપુરા :** હેમાંશુ મથુરાપ્રસાદ શાહ (રહે.સત્યમ સ્ટેટસ રમદેવનગર સેટેલાઇટ) એ તા.૩૦/૧/૧૫ નારોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૧/૧૫ નાં કલાક ૯/૩૦ વાગ્યાથી તા.૩૦/૧/૧૫ નાં કલાક ૯/૩૦ વાગ્યા દરમ્યાન મથુરાપ્રસાદ શાહની દુકાનમાં નોકરી કરતો આરોપી મહેન્દ્ર પ્રજાપતિ (રહે.ગણપતપુરાની ચાલી, માધવપુરા)એ દુકાનની બાજુમાં આવેલ ગોડાઉનમાંથી બદામ, પીસ્તા, કાજુ, જીરૂ, અજમો અને તલ ના કાર્ટુન કુલ કિંમત રૂપિયા ૭૭,૨૦૦/-મતાની ચોરી કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી વિક્રમસિંહ હિંમતસિંહ ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૨૧૪/૧૫**

**ઓઢવ :** હીરાબહેન (ઉ.વ.૫૫)(રહે.ચામુંડાનગર, ઓઢવ) તા.૩૦/૧/૧૫ ના કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે ઓઢવ શિવદર્શન વિશ્વાસનગર ચામુંડાનગર ખાતે પોતે માનશીક અને શારીરીક રીતે અસ્વસ્થ હોઇ જાહેર જગ્યાઓ ઉપર પડ્યા રહેતા હતા. દરમ્યાન ઠંડીથી બચવા તાપણુ કરતાં, તેની આગની જાળ હીરાબહેનનાં પહેરેલ કપડે લાગી જતાં, શરીરે ગંભીર રીતે દાઝી જતાં તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.જી.બારોટ ચલાવે છે.

**આત્મહત્યા :** **સમાચાર યાદી નં.૨૧૫/૧૫**

**ઘાટલોડીયા :** મનીષભાઇ દશરથભાઇ પ્રજાપતિ (ઉ.વ.૩૦)(રહે.શ્યામરત્ન એપાર્ટમેન્ટ, પંચદેવ મંદિર પાસે, ઘાટલોડીયા) એ તા.૩૦/૧/૧૫ રાતનાં ૮/૩૦ વાગ્યાના સુમારે ધંધામાં ખોટ આવતાં મનમાં લાગી આવતાં પોતાના ઘરની છત સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મસઇશ્રી જગતસિંહ લક્ષ્મણસિહ ચલાવે છે

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.